# IPL આ વર્ષે બની ગઇ ઇન્જર્ડ પ્લેયર લીગ

**IPL 2026** શરૂ થવા પહેલા વિવિધ ફ્રેન્ચાઇઝી ટીમના સાત ખેલાડી બહાર થઇ ગયા છે

**ત્રણ** ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર સહિતના ચાર ઝડપી બોલર શરૂઆતની મેચો ગુમાવશે

**મથિશા** પથિરાના અને ઇશાન મલિંગા ટૂર્નામેન્ટમાં રમશે કે કેમ તે અંગે હજુ શંકા છે

મુંબઇ, તા. 20 : ઇન્ડિયન પ્રીમિરલ લીગ 2026ની સિઝન શરૂ થવા પહેલા વિવિધ મુખ્ય ખેલાડીઓની ઇજાએ તેમની ફ્રેન્ચાઇઝીની ઉંઘ ઉડાવી દીધી છે. તેમની ફ્રેન્ચાઇઝી માટે અગત્યના કહી શકાય તેવા હર્ષિત રાણા, નાથન એલિસ, જેક એડવર્ડસ, વનિન્દુ હસરંગા, સેમ કરન સહિતના સાત ખેલાડી સંપૂર્ણ સ્પર્ધામાંથી બહાર થયા છે, જ્યારે ઓસ્ટ્રેલિયન ઝડપી બોલિંગ ત્રિપુટી પેટ કમિન્સ, મિચેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડ તેમજ ન્યૂઝીલેન્ડનો લોકી ફર્ગ્યુસન શરૂઆતની કેટલીક મેચો ગુમાવશે. આ ઉપરાંત મથિશા પથિરાના અને ઇશાન મલિંગા સહિતના કેટલાક ખેલાડીઓ રમી શકશે કે કેમ તે અંગે શંકા છે, તેથી IPLને ઇન્ડિયન પ્રીમિયર લીગ કહેવા કરતાં આપણે ઇન્જર્ડ પ્લેયર્સ લીગ કહી શકીએ તેમ છે. ત્રણ ટીમો કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર), સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર (આરસીબી) તેમના ટોચના ફાસ્ટ બોલરોની ઇજાને લઇને ચિંતામાં છે. કેકેઆર માટે તેમના ટોચના બે ઝડપી બોલરમાંથી એક હર્ષિત રાણા બહાર થયો છે તો મથિશા પથિરાના અંગે શંકાઓ છેય. તેમણે જો કે ઝિમ્બાબ્વેના બ્લેસિંગ મુઝારાબાનીનો સમાવેશ કર્યો છે. આ ઉપરાંત તેમની પાસે વૈભવ અરોરા અને આકાશ દીપ જેવા ભારતીય પેસરો છે.

એસઆરએચનું બોલિંગ આક્રમણ પૅટ કમિન્સની આસપાસ ફરે છે, સાથે જ તે ટીમનો કેપ્ટન પણ છે. તે ક્યારે ફિટ થશે તે અંગે કોઇ સ્પષ્ટતા નથી, સાથે ઇશાન મલિંગાની સ્થિતિ પણ સ્પષ્ટ નથી. આ સ્થિતિમાં તેમના બોલિંગ આક્રમણની જવાબદારી શિવમ માવી, જયદેવ ઉનડકટ પર આવી શકે છે. આરસીબીનો બોલર જોશ હેઝલવુડ હજુ પણ હેમસ્ટ્રિંગ અને એડીની ઇજામાંથી સાજો થઇ રહ્યો છે અને તેણે ઘણા સમયથી ક્રિકેટ રમ્યું નથી.




## IPL 2026માં ઘાયલ ખેલાડીઓની સ્થિતિ

| ટીમ | ખેલાડી | દેશ | સ્થિતિ |
|---|---|---|---|
| KKR | હર્ષિત રાણા | ભારત | બહાર |
| SRH | જેક એડવર્ડ્સ | ઓસ્ટ્રેલિયા | બહાર |
| CSK | નાથન એલિસ | ઓસ્ટ્રેલિયા | બહાર |
| RR | સેમ કરન | ઇંગ્લેન્ડ | બહાર |
| RR | એડમ મિલ્ને | ન્યૂઝીલેન્ડ | બહાર |
| MI | અથર્વ અંકોલેકર | ભારત | બહાર |
| LSG | વાનિંદુ હસરંગા | શ્રીલંકા | બહાર |
| SRH | પેટ કમિન્સ | ઓસ્ટ્રેલિયા | શરૂઆતની મેચ ગુમાવશે |
| DC | મિચેલ સ્ટાર્ક | ઓસ્ટ્રેલિયા | શરૂઆતની મેચ ગુમાવશે |
| RCB | જોશ હેઝલવુડ | ઓસ્ટ્રેલિયા | શરૂઆતની મેચ ગુમાવશે |
| PBKS | લોકી ફર્ગ્યુસન | ન્યૂઝીલેન્ડ | શરૂઆતની મેચ ગુમાવશે |
| KKR | મથિશા પથિરાના | શ્રીલંકા | શંકાસ્પદ |
| SRH | ઇશાન મલિંગા | શ્રીલંકા | શંકાસ્પદ |
| LSG | મયંક યાદવ | ભારત | નિરિક્ષણ હેઠળ |

## IPLના ઇજાગ્રસ્ત ખેલાડીઓની યાદી વધતા PSLની પરેશાની વધી

ઇન્ડિયન પ્રીમિયર લીગમાં મોટાભાગની ફ્રેન્ચાઇઝીના ઝડપી બોલરોને થયેલી ઇજાઓએ તેમની ચિંતા વધારી દીધી છે અને તેની સાથે જ પીએસએલની પણ પરેશાની વધી છે. ભારતીય ફ્રેન્ચાઇઝી પાડોશી દેશ પાકિસ્તાનમાં રમાતી પીએસએલમાં રમતા વિદેશના ઝડપી બોલરોને રિપ્લેસમેન્ટ તરીકે જોવા લાગ્યા છે. તેની પહેલી કડી તરીકે આ વર્ષે બ્લેસિંગ મુઝારબાની ઇસ્લામાબાદ યુનાઇટેડ છોડીને કોલકાતા નાઇટ રાઇડર્સમાં સામેલ થયો હતો. આઇપીએલ ટીમો દ્વારા સ્પેન્સર જોહ્નસન અને બાર્ટમેનને પણ ધ્યાનમાં લેવામાં આવી રહ્યા છેપીએસએલમાં ઇસ્લામાબાદ યુનાઇટેડ પાસે અગાઉ આઇપીએલમાં રમી ચૂકેલા રિચાર્ડ ગ્લીસન અને શેમાર જોસેફ જેવા વિકલ્પો છે, જ્યારે ક્વેટા ગ્લેડીયેટર્સના અલ્ઝારી જોસેફ, મુલતાનના અનુભવી પીટર સિડલ અને કરાચી અથવા અન્ય ફ્રેન્ચાઇઝીના ફાસ્ટ બોલરો પણ આઇપીએલમાં રિપ્લેસમેન્ટનો વિકલ્પ હોઇ શકે છે.

## રાજસ્થાન રોયલ્સને ફટકો : સેમ કરન IPL 2026માં રમી નહી શકે

જયપુર, તા. 20 (પીટીઆઇ) : ઇંગ્લેન્ડનો ઓલરાઉન્ડર સેમ કરન રાજસ્થાન રોયલ્સ માટે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની આગામી સીઝનમાં કમરની ઇજાને કારણે રમી શકશે નહીં, ટીમ હવે વિકલ્પો પર વિચાર કરી રહી છે. -20 વર્લ્ડકપ સેમી ફાઇનલમાં ભારત સામે હારી ગયેલી ઇંગ્લેન્ડ ટીમના સભ્ય કરનને રાજસ્થાન રોયલ્સે ચેન્નાઇ સુપર કિંગ્સ પાસેથી ટ્રેડ કર્યો હતો. સંજુ સેમસન હવે તેની જગ્યાએ ચેન્નાઇ ટીમ માટે રમશે. 2020અને 2021માં ચેન્નાઇ માટે રમનાર કરન છેલ્લી સીઝન પહેલા 2.4 કરોડ રૂપિયામાં ટીમમાં જોડાયો હતો. તેણે ગઇ સીઝનમાં 114 રન બનાવ્યા હતા અને એક વિકેટ લીધી હતી.

## ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઝડપી બોલર્સ IPLમાં પ્રારંભિક મેચ નહીં રમે : રિપોર્ટ

**પેટ કમિન્સ**, મિચેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડ આઇપીએલની શરૂઆતની મેચો માટે અનુપલબ્ધ

**આગામી** વ્યસ્ત ઇન્ટરનેશનલ સિઝનને ધ્યાને લેતા ઓસ્ટ્રેલિયાની નજર તેમના વર્કલોડ મેનેજમેન્ટ પર



મેલબોર્ન, તા. 20 (પીટીઆઇ) : આ મહિનાના અંતમાં શરૂ થનારી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) સીઝનની શરૂઆતની મેચોમાં ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર્સ પેટ કમિન્સ, મિશેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડ રમી શકશે નહીં, જેનાથી તેમની ફ્રેન્ચાઇઝી ટીમોને મોટો ફટકો પડ્યો છે. ક્રિકેટ.કોમ.એયૂના અહેવાલ મુજબ, સ્ટાર્ક, કમિન્સ અને હેઝલવુડ આઇપીએલની શરૂઆત માટે ઉપલબ્ધ રહેશે નહીં જ્યારે નાથન એલિસ સમગ્ર ટુર્નામેન્ટમાંથી બહાર થઇ ગયો છે.

કમિન્સ સનરાઇઝર્સ હૈદરાબાદનો કેપ્ટન છે, સ્ટાર્ક દિલ્હી કેપિટલ્સ માટે રમે છે અને હેઝલવુડ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે રમે છે. આ સાથે જ સનરાઇઝર્સ હૈદરાબાદ દ્વારા 3 કરોડ રૂપિયામાં ખરીદવામાં આવેલો ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર જેક એડવર્ડ્સ પગની ઇજાને કારણે આઇપીએલમાંથી બહાર થઇ ગયો છે.આગામી વ્યસ્ત સિઝનને ધ્યાનમાં રાખીને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તેના ઝડપી બોલરોના વર્કલોડનું કાળજીપૂર્વક સંચાલન કરી રહ્યું છે. ઓસ્ટ્રેલિયાએ આગામી એક વર્ષમાં 21 ટેસ્ટ રમવાની છે.2027ના આગામી વન ડે વર્લ્ડકપને ધ્યાને લઇ ઓસ્ટ્રેલિયન ટીમ દક્ષિણ આફ્રિકા, ભારત અને ઇંગ્લેન્ડનો પ્રવાસ કરશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ ત્રણ ઝડપી બોલરો આગામી થોડા અઠવાડિયામાં પાછા ફરશે.

ટેસ્ટ કેપ્ટન કમિન્સ ગયા સિઝનમાં પીઠની ઇજાને કારણે ફક્ત એક જ ટેસ્ટ રમ્યો હતો, જ્યારે હેઝલવુડ હેમસ્ટ્રિંગની ઇજાને કારણે આખી સીરિઝ ગુમાવી હતી. બંને ટી-20 વર્લ્ડકપમાં પણ રમી શક્યા ન હતા. સ્ટાર્કે પાંચેય એશિઝ ટેસ્ટ રમી હતી અને બિગ બેશ લીગમાં ભાગ લીધો ન હતો. ટી20 ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાને કારણે તે વર્લ્ડકપનો ભાગ નહોતો.

ઓસ્ટ્રેલિયન પસંદગીકાર ટોની ડોડેમાઇડે કહ્યું કે કમિન્સ અને હેઝલવુડની ઉપલબ્ધતા સમયની બાબત છે. તેમણે કહ્યું કે જો વાત વિપરીત હોત, તો પહેલા આઇપીએલ અને પછી વર્લ્ડકપ આવી રહ્યો હોત, તો તે વર્લ્ડકપ રમવા માટે આખી આઇપીએલ ચૂકી ગયા હોત. અમે જાણીએ છીએ કે તે ઓસ્ટ્રેલિયા માટે રમવા અને જીતવા માંગે છે.

## IPLમાં રમવા ચમીરા, નિસાન્કા અને કામિન્દુને NOC મળ્યા

કોલંબો, તા. 20 : શ્રીલંકા ક્રિકેટ (એસએલસી)એ શુક્રવારે ફિટનેસ ટેસ્ટ પાસ કર્યા બાદ દુષ્મંથા ચમીરા, પથુમ નિસાન્કા અને કમિન્દુ મેન્ડિસને આગામી આઇપીએલમાં ભાગ લેવા માટે એનઓસી જારી કર્યા છે.

ઝડપી બોલર ચમીરા અને ઓપનર નિસાન્કા દિલ્હી કેપિટલ્સનો ભાગ છે, જ્યારે ઓલરાઉન્ડર કામિન્દુ મેન્ડિસને સનરાઇઝર્સ હૈદરાબાદ દ્વારા જાળવી રાખવામાં આવ્યો છે. જોકે, નુવાન તુષારા (રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર), વાનિન્દુ હસરંગા (લખનૌ સુપરજાયન્ટ્સ), ઇશાન મલિંગા (સનરાઇઝર્સ હૈદરાબાદ) અને મથિશા પથિરાના (કોલકાતા નાઇટ રાઇડર્સ) એ તેમના એનઓસી માટે રાહ જોવી પડશે.

## ન્યૂઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને હરાવીને સીરિઝમાં 2-1ની સરસાઇ મેળવી

**દક્ષિણ** આફ્રિકા નવ વિકેટે 136 રન સુધી સિમિત રહ્યું, લાથમની અર્ધસદીની મદદથી ન્યૂઝીલેન્ડે 16.2 ઓવરમાં જ લક્ષ્યાંક આંબી લીધો

ઓકલેન્ડ, તા. 20 (એપી) : ટોમ લેથમના નોટઆઉટ 63 રન અને ડેવોન કોનવે સાથેની તેની 96 રનની ઓપનિંગ ભાગીદારીની મદદથી ન્યુઝીલેન્ડે આજે શુક્રવારે અહીં રમાયેલી ત્રીજી ટી-20 ઇન્ટરનેશનલ મેચમાં દક્ષિણ આફ્રિકા સામે આઠ વિકેટથી આસાન જીત મેળવીને સીરિઝમાં 2-1ની સરસાઇ મેળવી લીધી હતી.

દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન ફરી એકવાર સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા અને ટીમ નવ વિકેટે માત્ર 136 રન જ બનાવી શકી. ન્યૂઝીલેન્ડે 22 બોલ બાકી રાખીને 16.2 ઓવરમાં બે વિકેટે 137 રન બનાવીને પાંચ મેચની સીરિઝમાં 2-1ની સરસાઇ મેળવી લીધી. કોનવેએ 39 રન બનાવ્યા, જ્યારે લેથમે તેની ચોથી ટી-20 અડધી સદી ફટકારી. ટિમ રોબિન્સને 17 રનનું યોગદાન આપ્યું.

આ સીરિઝમાં અત્યાર સુધી બેટ્સમેન માટે પરિસ્થિતિઓ અનુકૂળ રહી નથી. દક્ષિણ આફ્રિકાને પહેલી મેચમાં 91 રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, જે તેમણે માત્ર ત્રણ વિકેટ ગુમાવીને પ્રાપ્ત કર્યો હતો.

બીજી મેચમાં દક્ષિણ આફ્રિકા 107 રનમાં ઓલઆઉટ થઇ ગયું હતું, અને ન્યુઝીલેન્ડ 68 રનથી જીતી ગયું હતું. ચોથી મેચ રવિવારે વેલિંગ્ટનમાં રમાશે.

## IPL દરમિયાન પસંદગીકારો વન ડે વર્લ્ડકપ માટેના સંભવિતો પર નજર રાખશે

**દરેક** પસંદગીકાર પોતપોતાના વિસ્તામાં આઇપીએલ મેચો જોઇને આશાસ્પદ ખેલાડીઓ પર ધ્યાન રાખશે

**વન** ડે વર્લ્ડકપ 2027 માટે પસંદગીકારો આઇપીએલના કોઇ નવા ઉભરતા સ્ટાર તરફ નજર કરે તેવી અપેક્ષા નથી

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઇ) : વન-ડે વર્લ્ડકપ હજુ એક વર્ષ દૂર છે, પરંતુ ભારતના 20 જેટલા સંભવિત ખેલાડીઓને પહેલેથી જ ચિહ્નિત કરી દેવામાં આવ્યા છે. 28 માર્ચથી શરૂ થઇ રહેલી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) દરમિયાન પાંચ રાષ્ટ્રીય પસંદગીકારો આ ખેલાડીઓ પર નજર રાખશે એવું ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) ના એક ટોચના સૂત્રએ આજે શુક્રવારે જણાવ્યું હતું.

અજિત અગરકરની આગેવાની હેઠળની આ પેનલમાં એસ. એસ. દાસ, આર.પી. સિંઘ, અજય રાત્રા અને પ્રજ્ઞાન ઓઝાનો સમાવેશ થાય છે. વર્લ્ડકપ ઓક્ટોબર-નવેમ્બર 2027માં દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબિયા દ્વારા સંયુક્ત રીતે યોજાશે. પેનલના સભ્યો તેમના સંબંધિત બેઝ પર મેચો માટે હાજર રહે તેવી અપેક્ષા છે, જ્યારે અન્ય મેચોનું ટ્રેકિંગ ટીવી પર કરશે. આઇપીએલની શરૂઆત ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે બેંગલુરુમાં રમાનારી મેચથી થશે.

અગરકર મુંબઇમાં, જ્યારે દાસ કોલકાતામાં, આર.પી. સિંઘ અને રાત્રા નેશનલ કેપિટલ રીજન (એનસીઆર)માં અને ઓઝા બેંગલુરુ તથા હૈદરાબાદમાં આઇપીએલ મેચો જોશે તેવી અપેક્ષા છે. અધિકારીએ જણાવ્યું કે બીસીસીઆઇ ઇચ્છી રહ્યું છે કે દરેક પસંદગીકાર અઠવાડિયામાં ઓછામાં ઓછી એક મેચ મેદાન પર જઇને જુએ, જે વેન્યુ પરથી અઠવાડિયાની પાંચ મેચો કવર કરશે. બાકીની મેચો તેઓ ચોક્કસપણે ટીવી પર ટ્રેક કરી શકે છે. પસંદગીકારો વન-ડે વર્લ્ડકપ માટે આઇપીએલના કોઇ નવા ઉભરતા સ્ટાર તરફ જોશે તેવી અપેક્ષા નથી.

### અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ માટે સંપૂર્ણ સ્ટ્રેન્થ ધરાવતી ટીમ રખાશે

પસંદગી સમિતિ છથી 10 જૂન દરમિયાન મુલ્લાનપુર ખાતે રમાનારી અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ માટે ટીમની મજબૂતી સાથે કોઇ બાંધછોડ કરે તેવી શક્યતા નથી, ભલે આ મેચમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઇન્ટ્સ મળવાના નથી. એવું માનવામાં આવે છે કે ઓગસ્ટ અને માર્ચની વચ્ચે નવ ટેસ્ટ મેચો રમાવાની હોવાથી, ફ્રન્ટ-લાઇન બોલરો સહિત તમામ ટોચના લાલ બોલના ખેલાડીઓ આ મેચ માટે ઉપલબ્ધ રહેશે. જો આઇપીએલ દરમિયાન કોઇ ઇજા ન હોય તો બુમરાહ અને સિરાજ પણ અફઘાનિસ્તાન સામેની ટીમનો ભાગ હશે. બીસીસીઆઇના સૂત્રએ જણાવ્યું કે, ભારતની ટેસ્ટ કેપ પ્રયોગો માટે નથી. તેના માટે તમારી પાસે 'ઇન્ડિયા-એ' ના શેડો પ્રવાસો છે. અત્યારે ટેસ્ટમાં બુમરાહ, સિરાજ અને પ્રસિદ્ધ પસંદગીકારોના રડાર પર ટોચના ત્રણ બોલરો છે.

### અગરકરે મુદત વધારવાની માગ કર્યાના અહેવાલો ફગાવાયા

**બંધારણ** મુજબ સીનિયર પસંદગીકાર ચાર વર્ષ સુધી પદ પર રહી શકે તેથી મુદત વધારો માગવાની જરૂર જ નથી


મુંબઇ, તા. 20 : બીસીસીઆઇના સીનિયર અધિકારીએ એવી અટકળોને પણ ફગાવી દીધી હતી કે આ વર્ષની શરૂઆતમાં ટી-20 વર્લ્ડકપના વિજયી અભિયાન બાદ મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે 50 ઓવરના વર્લ્ડકપ સુધી મુદત વધારો માગ્યો છે.

ઘટનાક્રમથી વાકેફ બીસીસીઆઇના એક સીનિયર અધિકારીએ નામ ન આપવાની શરતે પીટીઆઇને જણાવ્યું કે પસંદગી સમિતિ એ બીસીસીઆઇની એક પેટા-સમિતિ છે અને પસંદગીકારોનો કરાર આ વર્ષના સપ્ટેમ્બર સુધીનો છે. તેમણે ઉમેર્યું કે અજિતનો કરાર સપ્ટેમ્બરમાં પૂરો થાય છે અને તે પછી બીસીસીઆઇ સેક્રેટરી દેવજીત સૈકિયા અને અજિતે નક્કી કરશે કે તે આવતા વર્ષના વન-ડે વર્લ્ડકપ સુધી ચાલુ રહેશે કે નહીં. બંધારણ મુજબ સીનિયર પસંદગીકાર ચાર વર્ષ સુધી ચાલુ રહી શકે છે અને તેણે મુદત વધારો માગવાની જરૂર હોતી નથી. અગરકરે જુલાઇ ૨૦૨૩માં પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા દિગ્ગજોની નિવૃત્તિ બાદ ટેસ્ટ અને ટી૨૦ ટીમોમાં આવેલા પરિવર્તનના ગાળા દરમિયાન તેઓ કેન્દ્રીય ભૂમિકામાં રહ્યા છે.

## સુડોકુ ૭૪૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | | | ૫ | ૧ | ૩ | ૬ |
| ૭ | ૧ | ૫ | ૪ | ૩ | ૬ | | | |
| | | ૨ | ૧ | | ૮ | ૫ | ૪ | ૭ |
| ૫ | | ૮ | ૯ | | | | | ૪ |
| ૩ | | | | | ૨ | | | ૮ |
| | ૯ | ૧ | ૮ | ૬ | | ૭ | ૫ | ૨ |
| | ૮ | ૬ | | | ૧ | | | ૫ |
| ૧ | ૫ | ૪ | ૨ | | | | ૭ | ૩ |
| | ૭ | | | ૫ | ૪ | | ૯ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા


મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### તાવ

કાચકાની મીંજ અને કાળા મરી સરખા ભાગે લઇ વાટી તેને કાચકા ના પાનના રસની સાત ભાવના આપી મગ જેવડી ગોળીઓ કરવી. બે થી ચાર ગોળી પાણી સાથે આપવી.

## શબ્દગુંફન - ૭૧૮૫

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. ખબર મોકલનાર (૫)
૪.દુ:ખ, પીડા (૩)
૬. શારીરિક ઇજા, ઘા (૩)
૮. હાજર કરેલું (૨)
૯. પડતી, હાર (૩)
૧૧. ઉપાય, ઇલાજ(૨)
૧૨. તૃપ્ત, ધરાયેલું (૨)
૧૩. કાવતરું (૪)
૧૬. પર્વત પરથી પડતો કુદરતી જળપ્રવાહ (૨)
૧૮. વાવટો, ધ્વજ (૨)
૧૯.બાણ, તીર (૨)
૨૧. જીવ (૨)
૨૨. શોક, રડાકૂટ (૩)
૨૪. પૃથ્વી (૨)
૨૫. શરીર (૨)
૨૬. અવસ્થા, સ્થિતિ (૩)
૨૮. ખુશબો (૩)
૩૦. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૩૧. ચાલવું તે ગતિ (૩)
૩૨. ફરિયાદ (૨)
૩૩. હિંમત (૨)
૩૪. એક પાથરણું (૪)
૩૫. મોભો (૪)

**ઊભી ચાવી**
૧. ઠગારું, લુચ્ચું (૨)
૨. રૂપાનું ધોળાશ પડતું (૩)
૩. પખવાડિયાની ત્રીજી તિથિ (૨)
૪. શ્વાસ (૨)
૫. ચોકીદાર(૪)
૭. દુનિયા, માણસજાત (૩)
૯. પારકા પૈસા (૪)
૧૦. નમેલું (૨)
૧૪. ખેલ (૩)
૧૫. અનિમેષ નજર (૨)
૧૭. ગરીબ (૨)
૨૦. જુદી જુદી જાતની રમતો (૬)
૨૧. જુલમી નિર્દય (૩)
૨૨. આદર, સન્માન (૨)
૨૩. મોટું (૩)
૨૫. અનૂકૂળ વખત (૨)
૨૭. કપિ, વાંદરું (૩)
૨૯. માગશર, પોષ મહિનાની ઋતુ (૩)
૩. રાજા (૨)
૩૨. ખુશ (૨)
૩૩. પરાજય (૨)



## આજનું પંચાંગ

**તા. 21/03/2026, શનિવાર**
**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીક્રમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** સુદ ત્રીજ :23:58, મનોરથ તૃતિયા વ્રત
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ-31
**યોગ :** ઐન્દ્ર **કરણ:** તૈતિલ
**નક્ષત્ર :** અશ્વિની 24:39
**રાશિ:** મેષ (અ.લ.ઇ.)
**દિવસ :** સામાન્ય, મત્સ્યજયંતી, ગૌરીતૃતિયા રમજાન ઇદ
**સુરતમાં સૂર્યોદય:** 06:44 **સુરતમાંસૂર્યાસ્ત** :18:48
**નવકારસી :** 07:32
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 9મો રોજ
**મુસલમાન વર્ષ:** 1447 શવ્વાલ માસનો પ્રથમ રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે:- 9:30 થી 11:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ક્રિએટિવ અને કાલ્પનિક કાર્યમાં હકારાત્મક પ્રગતિ થાય. જીવનમાં અચાનક સફળતા મળે. પ્રવાસ.

**વૃષભ (બ,વ,ઉ,):** ધર્મ-કર્મ અને સમાજ સેવાના કામથી શાંતિ મળે. વિદેશ પ્રવાસના કામમાં પ્રગતિ થાય. હિતશત્રુઓથી સાવધાન.

**મિથુન (ક,છ,ઘ,):** વિદ્યાભ્યાસમાં અનુકૂળતા રહે. પ્રેમમાં સાથ મળે. આવક વધે. મિત્રો સાથે મનોરંજન થાય. સંતાનોના કામ થાય.

**કર્ક (ડ,હ,):** આવક વધારવાની યોજનામા વડીલોનો સાથ મળે. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે. સમાજમાં યશ મળે.

**સિંહ (મ,ટ,):** ઉચ્ચ કક્ષાના લોકોને મળવાનું બને. યાત્રા અને કાયદા કાનૂનને લગતા કામ થાય. શુભ સમાચાર મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** ગુપ્ત ભય સતાવે. સરકારી કામમાં સાવધાની રાખવી. લોકોને મદદ કરતા સાવધાન રહેવુ. ખર્ચા વધે.

**તુલા (ર,ત,):** ઉમરલાયકના વિવાહ થાય. ભાગીદારીના કામ થાય. નવા ધંધા વેપારની અનુકૂળતા વધે.

**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્ય પરેશાન કરે. ખર્ચા વધશે. નોકરીમાં ધીરજ રાખવી. પડવા-વાગવાથી સાવધાન.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રેમમાં ભેટ મળે. વિશ્વાસ વધે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. અચાનક સફળતા મળે.

**મકર (ખ,જ,):** ઘરમાં નવાં સાધનો આવે. વાહન અને નવા ઘરની યોજના બને. વડીલોની ચિંતા સતાવે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આત્મવિશ્વાસ વધે. હિત શત્રુઓ પર વિજય મળે. નવી નોકરીની યોજના પાર પડશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉઘરાણી આવે. ખાણી-પીણીના ધંધામા લાભ થાય. ઘરમાં તાલમેળ વધશે.

### કોઇ પણ સાલમાં 21 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં ચડતી-પડતી સાથે નવી તકો ઊભી થાય. ટેકનોલોજીનો લાભ મળે. સમાજમા માન વધે. આર્થિક બાબતે સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. નોકરી ધંધા વગેરેમાં હરીફો વધે. પરિવારની અપેક્ષા વધશે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉમરલાયકના વિવાહ થાય. વધારાની આવક માટેની યોજનામાં મદદ મળે. વારસા જાયદાત જમીન જેવા કામ ધીમા પડે. વિદેશના કામમા વિલંબ થાય. વિદ્યાર્થીઓને તક મળે. નવા ઘર, વાહન, મકાન વગેરેના કામ પાર પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. વડીલો મિત્રોની મદદ મળતી રહે. આરોગ્ય સામાન્ય રહેશે. ફેબ્રુઆરી, માર્ચ, નવેમ્બર, ડિસેમ્બર, ગુરુ-શુક્રવાર 3,12,21,30 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે. પીળો, સોનેરી, જાંબલી રંગનો ઉપયોગ કરતા રહેવુ. જૂન-જુલાઇ બુધ-રવિ 2,11,20,29 તારીખે નવા કામ ટાળવો. લાલ-ભૂરા રંગનો ઉપયોગ ટાળવો.

## અનુસંધાન ... પાના પહેલાનું

### નવો ઇન્કમ ટેક્સ...

માટે મકાનમાલિક અને ભાડુઆત વચ્ચેના સંબંધો જાહેર કરવા ફરજિયાત બનાવવામાં આવ્યા છે. આ જોગવાઇનો હેતુ ટેક્સ બચાવવા માટે કરવામાં આવતા ખોટા દાવાઓને રોકવાનો છે.

**ક્રિપ્ટો એક્સચેન્જો પર નજર:** ટેક્સ ચોરી રોકવા માટે હવે ક્રિપ્ટો એક્સચેન્જો માટે તમામ વ્યવહારોની માહિતી ટેક્સ વિભાગ સાથે શેર કરવી ફરજિયાત રહેશે. એટલે કે, ક્રિપ્ટોમાં રોકાણ કરનારાઓની દરેક હિલચાલ પર સરકારની સીધી નજર રહેશે.

**CBDCને માન્યતા:** સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) ને હવે ઇલેક્ટ્રોનિક પેમેન્ટના સત્તાવાર મોડ તરીકે સ્વીકારવામાં આવી છે, જે ડિજિટલ અર્થતંત્રને વેગ આપશે.

**કર્મચારીઓના પરક્વિઝિટ્સ :** એમ્પ્લોયર દ્વારા કર્મચારીઓને આપવામાં આવતી વધારાની સુવિધાઓ (પરક્વિઝિટ્સ) ના મૂલ્યમાં વધારો કરવામાં આવ્યો છે, જેની અસર ટેક્સની ગણતરી પર પડશે.

**150થી વધુ નવા ફોર્મ:** ટેક્સને લગતી વિવિધ પ્રક્રિયાઓ માટે સરકાર દ્વારા 150 થી વધુ સત્તાવાર ફોર્મ દાખલ કરવામાં આવ્યા છે, જેની શરૂઆત 'ફોર્મ 33' થી થાય છે. આ ફોર્મ્સ ટેક્સેશનના વિશાળ ક્ષેત્રને આવરી લેશે.

### LPGની અછત...

રોજ બુકિંગનો આંકડો 87.7 લાખ પર પહોંચ્યો હતો, જે હવે ઘટીને 55 લાખ પર આવ્યો છે. જોકે, હજુ પણ સ્થિતિ ચિંતાજનક છે.

હોટલ અને રેસ્ટોરન્ટ જેવા કોમર્શિયલ એકમોને તેમની જરૂરિયાતના માત્ર પાંચમા ભાગનો (20%) ગેસ જ આપવામાં આવી રહ્યો છે. સરકારની પ્રથમ પ્રાથમિકતા સામાન્ય લોકોના ઘરના રસોડા છે. પેટ્રોલિયમ મંત્રાલયના જણાવ્યા મુજબ, છેલ્લા બે અઠવાડિયામાં સ્થાનિક LPG ઉત્પાદનમાં 40%નો વધારો કરવામાં આવ્યો છે, જેથી ઘરેલુ સિલિન્ડરની ડિલિવરી સામાન્ય રહી શકે. ગેસની અછત વચ્ચે કાળાબજાર રોકવા માટે દેશભરમાં 4,500થી વધુ દરોડા પાડવામાં આવ્યા છે અને પેટ્રોલ પંપ તથા એજન્સીઓ પર સરપ્રાઇઝ ઇન્સ્પેક્શન કરવામાં આવ્યું છે.

સરકારે ગ્રાહકોને પાઇપ્ડ નેચરલ ગેસ (PNG) તરફ વળવા અપીલ કરી છે. છેલ્લા થોડા દિવસોમાં 7,000થી વધુ ગ્રાહકો LPG છોડીને PNG પર શિફ્ટ થયા છે. આ ઉપરાંત કેરોસીન જેવા વૈકલ્પિક ઇંધણના વપરાશને પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

પેટ્રોલિયમ મંત્રાલયના જોઇન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ જણાવ્યું હતું કે, "સ્થિતિ હજુ પણ ગંભીર છે, પરંતુ કોઇ પણ ડિસ્ટ્રીબ્યુટર પાસે ગેસ સ્ટોક શૂન્ય નથી. અમે ઘરેલુ વપરાશકર્તાઓ માટે સપ્લાય જાળવી રાખવા કટિબદ્ધ છીએ."

### ઇરાનની વિશ્વભરના...

નીકળી હતી. આ રિફાઇનરી દરરોજ ૭.૩૦ લાખ બેરલ તેલ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત દુબઇ અને જેરુસલેમમાં પણ ઇરાની મિસાઇલોને તોડી પાડવામાં આવી હતી. યુદ્ધના કારણે બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ ૧૦૮ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયા છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધને કારણે કોમ્પ્યુટર ચિપ્સ માટે વપરાતું હિલિયમ અને ખાતર માટેનું સલ્ફર જેવા કાચા માલની અછત સર્જાઇ છે, જેની અસર વૈશ્વિક અર્થતંત્ર પર પડી રહી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર NATO દેશોની ટીકા કરતા તેમને "ડરપોક" (COWARDS) ગણાવ્યા છે, કારણ કે આ દેશોએ હોર્મુઝની સામુદ્રધુનીના રક્ષણ માટે અમેરિકાને સાથ આપવાનો ઇનકાર કર્યો છે.

### ડોલર સામે રૂપિયો...

બિલિયન ઘટીને 709.759 ડોલર બિલિયન થયું છે. ડોલર ઇન્ડેક્સ છ મુખ્ય ચલણો સામે 0.37 ટકા વધીને 99.60 પર પહોંચ્યો છે. જોકે, સ્થાનિક શેરબજારમાં સેન્સેક્સ 325.72 પોઇન્ટ વધીને 74,532.96 પર બંધ રહ્યો હતો. નિષ્ણાતોના મતે, જો ભૌગોલિક અસ્થિરતા ચાલુ રહેશે તો આગામી સમયમાં રૂપિયો 93.75ની સપાટી સુધી જઇ શકે છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા અને ડોલરની મજબૂતીની સાથે પાઉન્ડ અને યુરો જેવી અન્ય મુખ્ય કરન્સીઓમાં પણ વધારો નોંધાયો હતો, જેના કારણે રૂપિયા પરનું દબાણ વધુ ઘેરું બન્યું છે.

### એર ઇન્ડિયાએ ખોટું...

કારણે અને સ્થાપિત પ્રોટોકોલ મુજબ દિલ્હી પરત ફરી હતી. વિમાન સુરક્ષિત રીતે ઉતર્યું હતું અને તમામ મુસાફરો તથા ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.' સૂત્રોએ સ્પષ્ટ કર્યું હતું કે આ ફ્લાઇટ માટે માત્ર બોઇંગ 777-300 ઇઆર વિમાનનો ઉપયોગ થવો જોઇતો હતો, કારણ કે બોઇંગ 777-200 એલઆરને તે રૂટ પર ઉડવાની મંજૂરી મળી ન હતી. વિદેશી ગંતવ્ય સ્થાનો માટે દરેક દેશના નિયમો મુજબ અલગ-અલગ મંજૂરીઓની જરૂર હોય છે. એર ઇન્ડિયાએ ઉમેર્યું હતું કે શુક્રવારે સવારે અન્ય વિમાન દ્વારા મુસાફરોને વેનકુવર મોકલવામાં આવ્યા હતા.